©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 18th SEPTEMBER, 2025/BHADRA 27, 1947 [Issue No. 38

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	851-876	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	3611-3844
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

(1) Notification No. C. 1501/2025, dated : 26-03-2025 of the Hon'ble High Court of Gujarat, Ahmedabad.

(2) Minutes of the Departmental Examination Committee dated : 18-07-2025.

NOTIFICATION

No. ADM/B/25/2025.-The Higher/Lower Standard Department Examination-2025 held on Monday, July 07, 2025 & Tuesday, July 08, 2025, as per the provision of Civil Manual for the Assistant (Junior Clerk) working in the District Court and Subordinate Courts of Porbandar District.

The undersigned is pleased to declare and notify the result of Higher/Lower Standard Departmental Examination-2025 as under :

[I]

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

The under mentioned candidates has been declared successful in the Higher Standard Departmental Examination-2025.

Sr. No.	Seat No.	Name-Designation of the candidate
1	02	Mr. Galchar A. P., Assistant, 4th Additional Senior Civil Court, Porbandar.
2	03	Mr. Galchar V. D., Assistant, Additional Civil Court, Porbandar.
3	04	Mr. Gosai A. J., Assistant, 2nd Additional Civil Court, Porbandar.
4	10	Ms. Pandavadra S. M. Assistant, District Court (Inspection Br), Porbandar.

Further, it is notified that the concerned, candidates who have been appeared in the HIGHER STANDARD DEPATMENTAL EXAMINATION-2025 but they have been declared as failed in the concerned examination and obtained 50 % marks or more in the respective paper/papers shown against their names, are hereby exempted from appearing in the said paper / papers in the subsequent Higher Standard Departmental Examination of the Judicial District, Porbandar.

Sr. No.	Seat No.	Name-Designation of the candidate	paper/papers in which exempted from appearing in the subsequent Higher Standard Departmental Examination
1	05	Ms. Joshi A. P. Assistant, Principal Senior Civil Court, Porbandar.	Paper No. IV
2	11	Mr. Pathar R. R. Assistant, Principal Senior Civil Court, Porbandar.	Paper No. IV
3	03	Mr. Rojasar H. B., Assistant, Distrtict Court (Judicial Br.), Porbandar	Oral

[II]

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025.

The under mentioned candidates has been declared successful in the Lower Standard Departmental Examination-2025.

Sr. No.	Seat No.	Name-Designation of the candidate
1	01	Mr. Bheda H. J., Assistant, Principal Civil Court, Porbandar.

Further, it is notified that the concerned, candidates who have been appeared in the LOWER STANDARD DEPATMENTAL EXAMINATION-2025 but they have been declared as failed in the concerned examination and obtained 50 % marks or more in the respective paper/papers shown against their names, are hereby exempted from appearing in the said paper/papers in the subsequent Lower Standard Departmental Examination of the Judicial District, Porbandar.

Sr. No.	Seat No.	Name-Designation of the candidate	paper/papers in which exempted from appearing in the subsequent Higher Standard Departmental Examination
1	02	Mr. Sadiya H. M., Assistant, Principal Senior Civil Court, Porbandar.	Paper No. IV

The Nazir of the concerned Court is instructed that the necessary entries be made in the service book of the concerned staff members of their Court immediately.

Porbandar, 18th July, 2025.

P. C. Joshi
Principal District Judge,
Porbandar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ જૂન-૨૦૨૫

ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો એનાયત કરવા બાબત.

વંચાણ : ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆર.પી.સી./૩૨૧૨/૫૯૩/મ, તા. ૧૮-૧૦-૧૨.

હુકમ

ના. મેજી/ગ્રામ પંચાયત/ચૂંટણી/એકિઝ મેજી. અધિકારો/૨૦૨૫.- વંચાણ (૧) થી મળેલ અધિકારની રૂએ હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૫ થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબના હુકમ કરૂં છું.

રાજ્ય ચુંટણી આયોગ દ્વારા આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન કચ્છ જીલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે. આ ચૂંટણીના અનુસંધાને કચ્છ જીલ્લાના વિસ્તાર માટે ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણ પણે નિયંત્રણ રાખી શકાય તે માટે આથી ચૂંટણી માટે નિમવામાં આવેલ મેજીસ્ટેરીયલ પાવર્સ ન ધરાવતા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને તેઓને જે વિસ્તાર માટે નિમણુંક કરવામાં આવી હોય તે વિસ્તાર માટે ચૂંટણી પ્રકિયા પૂર્ણ થતા સુધીના સમયગાળા માટે આ અધિનિયમની કલમ-૧૫ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નીમીને નીચે મુજબના અધિકારો આપું છું.

૧. કલમ-૪૧ : Arrest by Magistrate
૨. કલમ-૧૦૮ : To direct search in his presence
૩. કલમ-૧૦૯ : Power to impound any documents and things
૪. કલમ-૧૪૮ : Dipersal of assembly by use of civil force
૫. કલમ-૧૬૩ : To issue temporary orders in urgent cases of nuisance or apprehended Danger

હવે પછી ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ તથા મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓની નિમણુંકમાં ફેરબદલી/સુધારા થાય તો તે બદલી/સુધારાથી આવનાર અધિકારી/કર્મચારીશ્રીને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

આજરોજ તા. ૦૬-૦૬-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૦૬ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

વંચાણ :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૪૯૯/૨૦૨૫, તા. ૧૩-૦૭-૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૨૨/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના પત્ર નં. LIB/IB-૪/ભારે વાહન/પ્રતિબંધ/જાહેરનામું/૩૨૧૧/૨૫ તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના પત્ર નં. મેજી/ને.હા./જાહેરનામું/રાપર-બાલાસર/વશી/વશી/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. રજુ થયેલ દરખાસ્ત અન્વયે અત્રેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામનાં વંચાણ-૨ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના વંચાણ-૩ વાળા પત્રથી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. જે ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૪-૧૦-૨૦૨૫ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

અનુસૂચિ :

- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના બ્રિજ પરથી વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

➢ રાપર-કલ્યાણપર-સેલારી-ફતેહગઢ-મૌવાણા-બાલાસર રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૧૭-૦૭-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

વંચાણ :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પત્ર નં. પીબી/રસ્તા/જાહેરનામું/૩૯૭૨/૨૦૨૫, તા. ૧૦-૦૭-૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પત્ર નં. પીબી/રસ્તા/જાહેરનામું/૩૯૮૪/૨૦૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કચેરીના પત્ર નં. એલઆઈબી/આઈબી-૪/હંગામી/જાહેરનામા/દરખાસ્ત/૨૬૨૭/ ૨૦૨૫ તા. ૧૧-૦૭-૨૦૨૫.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કચેરીના પત્ર નં. મેજી/ ભારે વાહન/પ્રતિબંધ/૦૭/૨૦૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના વંચાણ-૧ તથા ૨ વાળા પત્રની વિગતે લખપત-કોટેશ્વર રસ્તાના કી.મી. ૩૧/૪૦૦ થી ૩૧/૬૦૦ વચ્ચે આવેલ કનોજ મેજર બ્રીજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. રજુ થયેલ દરખાસ્ત અન્વયે અત્રેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કચેરીના વંચાણ-૩ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કચેરીના વંચાણ-૪ વાળા પત્રથી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. જે ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૨-૧૦-૨૦૨૫ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

અનુસૂચિ :

➢ લખપત-કોટેશ્વર રસ્તાના કી.મી. ૩૧/૪૦૦ થી ૩૧/૬૦૦ વચ્ચે આવેલ કનોજ મેજર બ્રિજ પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

➢ પ્રાન્ધ્રો વર્માનગર તરફથી લખપત ત્રણ રસ્તા થઈ નારાયણ સરોવર બાજુ આવતા ભારે વાહનો વર્માનગર-સોનલનગર-બાલાપર નરેડી-ગોધાતડ ફાટક-કાટીયા-બુધ્ધા માર્ગથી નલિયા નારાયણ સરોવર નેશનલ હાઈવે મારફતેથી નલિયા-નારાયણ સરોવર રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

➢ માતાના મઢ, દયાપર તરફથી આવતા ભારે વાહનો દોલતપરા ત્રણ રસ્તાથી બરંદા થઈ નલિયા-નારાયણ સરોવર નેશનલ હાઈવે પરથી અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ પોલીસ ખાતાએ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૧૧-૦૭-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

વંચાણ :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૦૪/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૨૨/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના પત્ર નં. એલઆઈબી/આઈબી-૪/ હંગામી/જાહેરનામું/દરખાસ્ત/૨૬૫૮/ ૨૦૨૫ તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મુંદરાના પત્ર નં. મેજી/ભારે વાહન/પ્રતિબંધ/ ૦૭/૨૦૨૫, તા. ૧૫-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/ભારે માર્ગ નિયમન/૦૭/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૧ માંડવી-નલિયા-નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રીજ) પરથી ભારે/અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. રજુ થયેલ દરખાસ્ત અન્વયે અત્રેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજનાં વંચાણ-૨ તથા સબ ડીવીઝનલ

મેજીસ્ટ્રેટશ્રી, મુંદરાના વંચાણ-૩ વાળા પત્રથી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. જે ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૪-૧૦-૨૦૨૫ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે/અતિભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

અનુસૂચિ :

- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૧ માંડવી-નલિયા-નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રિજ) પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

- લાયજા મોટા ચોકડી-બાડા-બાયઠ-દેઢિયા રસ્તા પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે.
- કોઠારા થી માંડવી વાયા મોથાળા-ગઢશીશા રસ્તા પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૧૭-૦૭-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૧૭ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૫/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કચેરીના તા. ૨૫-૦૫-૨૦૨૫ના રોજ કલાક ૧૨-૦૦ થી તા. ૨૬-૦૫-૨૦૨૫ના કલાક ૨૨-૦૦ વાગ્યા સુધી અનુસૂચિમાં જણાવેલ રસ્તા/માર્ગોને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જેની વિગતે ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા. ૨૫-૦૫-૨૦૨૫ના રોજ કલાક ૧૨-૦૦ થી તા. ૨૬-૦૫-૨૦૨૫ના કલાક ૨૨-૦૦ વાગ્યા સુધી નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તાઓ/માર્ગોને નો-પાર્કિંગ ઝોન જાહેર કરુ છું.

અનુસૂચિ :

- મિરઝાપર ત્રણ રસ્તાથી, પ્રિન્સ રેસિડેન્સી ત્રણ રસ્તાથી, રિલાયન્સ સર્કલથી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સર્કલથી, નળ સર્કલથી શેખરણપીર ત્રણ રસ્તા સુધી.
- નળ સર્કલથી છત્રીસ કવાર્ટર્સ ચાર રસ્તાથી ત્રિમંદિરથી પ્રિન્સ રેસિડેન્સી ત્રણ રસ્તા સુધી.

આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ-ભુજના આદેશાનુસાર સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

૩. એમ્બ્યુલન્સ વાહનો.

૪. ફાયર બ્રિગેડના વાહનો.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૨૪-૦૫-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૨૪ માહે મે, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

વિષય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા પરવાનાવાળા હથિયાર જમા લેવા બાબત.

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી).

હુકમ

નં. એમએજી/એ/ગ્રા.પં./ચૂંટણી/૦૧/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ-૧ ના આદેશથી થઈ આવેલ સુચના અનુસાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓના સંદર્ભમા આદર્શ આચારસંહિતાની અમલવારી સારૂ હથિયાર લાયસન્સ ધરાવતી તમામ વ્યકિતઓના લાયસન્સ હેઠળના હથિયારો જમા લેવા સુચનાઓ થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લામા યોજાનાર ઉકત ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમા યોજાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં આવેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી અનામત જમા લેવા

શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી) ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો-શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે. તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) તમામ પ્રકારના સંસ્થાકિય હથિયાર પરવાનાઓ તળેના હથિયારોને.

(૨) વ્યકિતગત સ્વરક્ષણ માટેના હથિયાર પરવાનેદારો કે જેઓ રાષ્ટ્રીયકૃત બેન્કોમાં ફરજ બજાવતા હોય અને બેન્કના કામ સબબ હથિયાર ધારણ કરવાની આવશ્યકતા હોય તેવા પરવાનેદારોને.

(૩) અત્રેની પરવાનગી મેળવેલ હોય તેવા હથિયાર પરવાનેદારો.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથએ આ હુકમ મુજબની અમલવારી કરાવવી હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝ સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/૦૨/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ દ્વારા તથા લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અને નુકશાન થતું અટકાવવા, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબનાં હુકમ કરૂ છું.

(અ) લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૩ ને અનુરૂપ તથા ના.સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડ સ્પીકર ફકત સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતા પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલા હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(૪) ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહન ઉપર લાઉડ સ્પીકર વગાડવા માટેની મંજુરી સંબંધિત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ આપવાની રહેશે.

(બ) સભા-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(દ) તથા કલમ-૩૩(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યાબાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ દવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ-વાર્તાલાપ કે મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતા, ચારિત્ર્ય ખંડન કરતા પ્રવચન કરવા નહીં, ધર્મ, જાતિ જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિગેરેની ભૂમિકા પર જુદા જુદા જન સમૂહ/વર્ગ વચ્ચે વૈમન્સ્ય, તિરસ્કાર, દ્વેશ વધે તથા જન સંવાદિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોંકાવનારા સમાચાર વાળા વિધાન કરવા નહી કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવું નહિ.

(૪) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા જાહેર સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું કે નકલ કરવાના કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની

કલમ-૧૩૫, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫ માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે.

આજ તા. ૨૯, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (ઘ ક) તથા (ઘ ખ) હેઠળનુ

જાહેરનામુ

નં. એમએજી/સીગ્રા.પં.ચૂંટણી/૦૩/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય, ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિગેરે ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રિત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લામાં માહે જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન ખાનગી મિલકત/સ્થળ/જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ, પોસ્ટર્ડ વિગેરે મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છુ.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દિવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાંટિયા/ઝંડા/લખાણો વિગેરે લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર, દિવાલ પર લખાણ કરી શકાશે નહીં. પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાંટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષનો ઝંડો ફરકાવી શકશે. પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વૈચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય, આ જોગવાઈ હેઠળ રાજકીય જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પ્રકારના કટઆઉટ, હોર્ડીંગ્સ અથવા બેનર્સ કોઈપણ ખાનગી મિલ્કત પર લગાડી શકાશે નહી.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામા દિવાલો ઉપર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેમના દ્વારા કરવામાં આવેલા અથવા કરવમાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ કરવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે.

આજ તા. ૨૯, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા. પં. ચૂંટણી/૦૪/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં ચૂંટણીવાળા વિસ્તારમાં તમામ સ્તરે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાંવિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જરૂરી નિયંત્રણો મુકવા આવશ્યક છે.

સબબ, હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી,

અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે છ માસની સાદી કેદ અથવા રૂા. ૨૫૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામા જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ-૧૯૮૪ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા. પં. ચૂંટણી/૦૪/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ, હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામા જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણીલક્ષી જાહેરાત, પાંટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા ઉપર દીવાલ ઉપર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાંટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમછતા જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરના સૂત્રો લખવાની, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાંટીયા, ઝંડા વિગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધિન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર(રો)નુ વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમા, કોઈપણ ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી, આ હેતુ માટે આપવામાં આવેલી જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહી.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૩૨૪(૧) મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકાળેય અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોનસ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા. પં. ચૂંટણી/૦૩/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

ચૂંટણીના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના વચ્ચે મન દુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરેપુરી સંભાવના રહે. તેથી સુલેહશાંતી ભંગ થવા સંભવ હોઈ, જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણીઓ દરમ્યાન વપરાતા વાહનોના દુરુપયોગ પર નિયંત્રણ કરવા હેતુ સારુ સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતાં હું હું એન. વી. ઉપાધ્યાય,

આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવુ છુ કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજી કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) ચૂંટણીમાં ઉમેદવારી કરતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહન વાપરવા હકકદાર રહેશે.

(૧) તેના પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાન વિભાગ પુરતુ એક વાહન.

(૨) આ ઉપરાંત યથા પ્રસંગ, તેના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષનાં કાર્યકરોના ઉપયોગ માટે એક વાહન વાપરવા હકકદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ચૂંટણી અધિકારી પાસે નોંધણી કરાવવાનાં રહેશે અને નોંધણી કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન પર ચોંટાડવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે છ માસની સાદી કેદ અથવા રૂા. ૨૫૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ, એ.આર.ટી.ઓ. કચેરીના સક્ષમ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીવાળા વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રકિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

રાજયનાં ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાની અમલવારી કરવા અંગેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/મોબાઈલ ફોન/૦૮/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે.

ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રકિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી પંચ તરફથી મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં અને મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશનાં નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તેનુ સાધન ફરજ ઉપરના પોલીસ અધિકારીશ્રીએ જપ્ત કરવાનું રહેશે અને ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

ઉપરોકત વિગતે ગીર સોમનાથ જિલ્લામા જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૨-૦૬-૨૦૨૫નાં રોજ મતદાનનાં દિવસે તમામ મતદાન મથકોએ તેમજ જો પુનઃ મતદાન યોજવાનુ થાય તો તા. ૨૪-૦૬-૨૦૨૫ના રોજ પુનઃ મતદાનવાળા તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને તા. ૨૫-૦૬-૨૦૨૫ નાં રોજ મતગણતરીનાં દિવસે તમામ મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાંમતદાન તેમજ મતગણતરી સંબંધે, સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયના કોઈપણ વ્યકિત સેલ્યુલર મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની લકમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છુ.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતે તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી છ માસની સાદી કેદ અગર રૂા. ૨૫૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/મત ગણતરી/૦૯/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે. મત ગણતરી દરમ્યાન મત ગણતરી કેન્દ્રોની આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે કોઈ અનિચ્છનિય બનાવ બનવા પામે નહી અને મત ગણતરીની કામગીરી શાંતિપૂર્વક ચાલી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મત ગણતરી મથકોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી ભરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું વ્યાજબી અને આવશ્યક જણાયેલ છે.

સબબ, હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીમાં

થયેલ મતદાન અન્વયેના તમામ મત ગણતરી કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ સવારના ૬-૦૦ થી મતગણતરીની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહરક્ષક દળ, ગ્રામરક્ષક દળ, આઈ.એસ.એફ. ના સ્ટાફને કે જેને ખાસ અધિકારીશ્રીઓના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) ચુંટણી અધિકારીશ્રી, પોલીસ અધિકારીશ્રી તેમજ મદદનીશ ચુંટણી અધિકારીશ્રી કે તેઓએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

(૪) લગ્નના વરઘોડાને.

(૫) સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/૧૦/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે.

મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે તે માટે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર થી વધુ વ્યકિતઓની મંડળી ભરવા ઉપર તેમજ સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું આવશ્યક છે.

સબબ, હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે નકકી કરવામાં આવેલ તમામ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ સવારના ૦૬-૦૦ થી સાંજના મતદાનની તમામ પ્રક્રિયા પુર્ણ થતા સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહરક્ષક દળ, ગ્રામરક્ષક દળ, જી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રાને.

(૫) ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (કયુ)ને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ અથવા અન્ય અધિકૃત અધિકારીશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯ માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

એન. વી. ઉપાધ્યાય
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ.

ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી)-(સી) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/રખડા ઢોર નિયંત્રણ/જા.ના./૧૮-૧/૨૦૨૫.- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, પોરબંદરના તા. ૨૪-૦૭-૨૦૨૫ ના પત્રથી અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/સી/રખડતા ઢોર નિયંત્રણ/જા.ના./૫૧૯૭૭૧/૨૦૨૪, તા. ૦૪-૧૨-૨૦૨૪ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અન્વયે પોરબંદર-છાંયા નગરપાલિકા વિસ્તારમાં આપેલ નિર્દેષોનું પાલન કરવા ફરમાવવામાં આવેલ જાહેરનામાની મુદત તા. ૦૧-૦૨-૨૦૨૫ ના રોજ પુર્ણ થઈ ગયેલ હોય વધુ મુદત માટે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા. ૨૧-૦૮-૨૦૨૩ ના પરિપત્રથી શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા-૨૦૨૩ જાહેર કરવામા આવેલ છે. જે મુજબ શહેરી વિસ્તારમાં જાહેર રોડ, રસ્તા, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર રખડતા ઢોર કોઈ સંજોગોમાં જોવા ન મળે તે અંગે નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે જેથી શહેરમાં જાહેર રોડ, રસ્તા, ફૂટપાથની સાઈડ તથા જાહેર સ્થળો ઉપર જાહેરમાં ઘાસચારાનું વેંચાણ ન કરે તે મુજબ સુચના થયેલ છે. તેમજ જાહેરનામું પ્રસિધ્ધ કરવાના કામે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર

ક્રમાંક : LIB/જા.ના./અભિપ્રાય/૧૦૫૩/૨૦૨૫, તા. ૦૧-૦૮-૨૦૨૫ થી અભિપ્રાય થઈ આવેલ છે. જેથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, પોરબંદરની દરખાસ્ત મુજબ જાહેરનામાની મુદત વધારવી યોગ્ય જણાય છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અને (સી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ પોરબંદર જિલ્લાની પોરબંદર-છાંયા નગરપાલિકા વિસ્તારમાં નીચે મુજબના નિર્દેષનું પાલન કરવા ફરમાવું છું કે,

(૧) પશુઓને જાહેરમાં ઘાસચારો જાહેરમાર્ગ/ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેંચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા ઉપર પ્રતિબંધ.

: વિસ્તાર :

આ જાહેરનામું પોરબંદર જિલ્લાની પોરબંદર નગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

: શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૦૧-૦૮-૨૦૨૫ થી તા. ૨૯-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રો, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો, ટેલીવીઝન, કેબલ નેટવર્ક તથા લોકો એકત્રિત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લાની પોલીસ હકુમત હેઠળ આવતી સદરહું પોરબંદર મહાનગરપાલિકાના વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓ તથા પોરબંદર મહાનગરપાલિકાના નાયબ કમિશ્નરશ્રીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

એસ. ડી. ધાનાણી
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

વિષય : ચૂંટણીપ્રચાર વખતે કટઆઉટ, ધ્વજ, બેનર, હોર્ડીંગ, પોસ્ટર વગેરેના ઉપયોગ ઉપર તથા શાળા કોલેજોના મેદાનોના ઉપયોગ ઉપર નિયમન કરવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/જા.ના. ૮/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબરયુકત પ્રદર્શન ન થાય તે જરૂરી છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ચુંટણીલક્ષી ચોપાનીયા, ભીતચિત્રો, હોર્ડીંગ, બેનર્સ છાપવા/લગાવવા બાબતે તથા શાળા, કોલેજોના મેદાનના ઉપયોગ પર નિયમન કરવા નીચે મુજબના નિયમો તાત્કાલિક અમલમાં લાવવા જરૂરી હોવાથી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવુ છું.

(૧) ઉમેદવારોએ જે સ્થળે ચૂંટણી પ્રચાર માટે સભા રાખી હોય તે સ્થળની અંદર જે સમય દરમિયાન સભા યોજવામાં આવી હોય તેટલા સમય દરમિયાન જ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકાશે અને સભા પૂરી થયા પછી તુર્ત જ સભાના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ્સ, કટઆઉટ, પોટર્સ વગેરે દૂર કરવાના રહેશે તેમજ સ્થાનિક વહીવટી તંત્રએ લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધીન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શીત કરવાની પરવાનગી આપી શકાશે તે સીવાય કોઈ ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટઆઉટ દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) કોઈપણ ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ જગ્યાએ કટ આઉટ, જાહેરાતના પાટીયા, બેનર વિગેરે મુકતા પહેલા તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે.

(૩) જ્યાં એક ઉમેદવારે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા ઉમેદવારે સરઘસ લઇ જવું નહીં. તેમજ પોતાના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક ઉમેદવારે બહાર પાડેલા ભિંતપત્રો બીજા ઉમેદવાર કે તેના કાર્યકરોએ દૂર કરવા નહીં અને રાજ્ય ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

(૪) કોઈપણ ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે શાળા અને કોલેજોના મેદાનોમાં નીચેની શરતોએ ચૂંટણીલક્ષી મિટીંગો માટે પરવાનગી લઈ ઉપયોગ કરી શકશે.

(૧) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમય પત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

(૨) શાળા કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહિ. અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજુરી લીધેલી હોવી જોઈએ.

(૩) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ ઉમેદવારોને આ મેદાનોનું એક હથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહિ.

(૪) શાળા/કોલેજોના મેદાનોનો ચૂંટણીલક્ષી મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી આયોગ ગંભીરતાથી જોશે.

(૫) ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત ઉમેદવાર મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

(૫) ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્શ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ચૂંટણી પ્રચાર માટે કોઈપણ ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવા પર તથા ધાર્મિક કાર્યક્રમોમાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લાદવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૭/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચરસંહિતાનો અમલ કરવા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણો રાખવાની જરૂર છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ મંદીર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહીં.

(૨) ધાર્મિક સંસ્થાઓ (દૂર ઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કર શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઈપણ જાતના ચૂંટણી પ્રચાર માટેના બેનર લગાવવા નહિ. ચોપાનીયા વહેંચવા નહીં કે કોઈપણ રાજકિય નેતાઓ કે આયોજકોએ ચૂંટણી પ્રચાર માટે પ્રવચન કરવું નહીં. સભ્યો નોંધણી કરવા નહીં. ચૂંટણી પ્રચાર માટેના સ્ટોલ રાખવા નહીં કે, ચૂંટણી સબંધી કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ કરવી નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : હથિયાર પરવાનેદારોએ હથિયાર સાથે લઈને ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૬/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે લઈને હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવુ નહી.

(૨) ચૂંટણી હેઠળના વિસ્તારમાં જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહીં.

(૩) ચૂંટણી અંગેની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ, ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં રહેતા હોય તેવા નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રકિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

સદરહું જાહેરનામું કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

સદરહું જાહેરનામાનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરતાં જોવામાં આવશે તો સબંધીત પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્થળ પરનાં સુરક્ષા અધિકારીશ્રીઓ આ હથિયાર જપ્ત કરી શકશે.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રકિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ચૂંટણી પ્રચાર માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયમન કરવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૨/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવું અત્યંત આવશ્યક છે. લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧(આર)(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના સમગ્ર વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનમાં લાઉડ સ્પીકર વગાડવા માટે સબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસે વાહન રજીસ્ટર્ડ કરાવી, વાહનના ઉપયોગ અંગેની મંજુરી મેળવી સબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસેથી લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી/પરમીટ લેવાની રહેશે. અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્ક્રીન પર ચોંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિત થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર લાઉડ સ્પીકર રાખી વગાડી શકાશે નહી.

(૩) સામાન્ય પ્રચાર માટે અથવા જાહેરસભા કે સરઘસમાં ઉપયોગમાં લેવાયેલ અને ફરતા વાહનો પર કે અન્યથા ઉપયોગમાં લેવાયેલ તમામ લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક થી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૪) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ફરતા વાહનો પર અથવા તો નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા ઉમેદવારો અને/અથવા તેનો પ્રચાર કરતા વ્યકિતએ ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારી અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૭) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રકિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ઉશ્કેરણીજનક ભાષણો, ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો વગેરેના પર પ્રતિબંધ.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૯/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧(આર)(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચેના કૃત્યો કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

: કૃત્યો :

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા સક્ષમ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે જાહેર વ્યવસ્થા જાળવવામાં વિક્ષેપ થવા સંભવ હોય, તેવા ઉશ્કેરણીજનક ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ચૂંટણી પ્રચારમાં સત્તાધારી પક્ષ દ્વારા પ્રજાના પૈસાથી થતાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૫/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેના તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહું આચાર સંહિતામાં જે-તે વિસ્તારના સત્તાધારી પક્ષ દ્વારા પોતાની સત્તાનો ઉપયોગ કરી પ્રજાના પૈસાથી પોતાના પક્ષની સિધ્ધીઓ કે ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા કરવા અને હોર્ડીંગ્સ લગાડવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

જે-તે વિસ્તારના સત્તાધારી પક્ષ દ્વારા હોર્ડીંગ્સ, માસ મીડીયા, વર્તમાનપત્રો, ટી.વી. ચેનલોમાં તથા અન્ય વિજાણુ માધ્યમોમાં પોતાના પક્ષની સિધ્ધીઓ કે ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો પોતાની સત્તાનો ઉપયોગ કરી પ્રજાના પૈસાથી કરી શકશે નહી.

આ જાહેરાનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ વગેરે મિલકતોનો બગાડ થતો અટકાવવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૪/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૭-૧૧-૨૦૨૧ના આદેશના મુદા નં. ૮ અનુસાર માલ-મિલકત વિરૂપ થવાનું અટકાવવા અંગે કોઈ ખાસ કાયદો લાગુ પાડવામાં આવેલ ન હોઈ ત્યારે જનરલ લો હેઠળ કોઈપણ પ્રકારનો કાયમી (પરમેનન્ટ) કે અર્ધકાયમી (સેમી પરમેનન્ટ) બગાડ ખનગી મિલ્કત ઉપર થઈ શકતો નથી. એટલું જ નહી ખાનગી માલિક મંજુરી આપે તો પણ આવો કાયમી કે અર્ધકાયમી બગાડ થઈ શકતો નથી. હંગામી કે સરળતાથી

હટાવી શકાય તે દૂર કરી શકાય તેવી જાહેરાતો જેમ કે, ફ્લેગ, બેનર્સ વિગેરે ખાનગી માલિકની સહમતિથી અને તેની સ્વૈચ્છિક ઈચ્છાથી જ મૂકી શકાશે. આ માટે કોઈ દબાણ કે ધમકી ન હોય તથા કોઈને નડતરરૂપ ન હોય તેવી રીતે રાખી શકાશે. આ માટે આવી સ્વૈચ્છિક પરવાનગી લેખિતમાં મેળવવાની રહે છે અને તેની પ્રમાણિત નકલ સબંધીત ચૂંટણી અધિકારીને મોડામાં મોડા ૩ દિવસમાં આપવાની રહે છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) સરકારી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે બોર્ડ, નિગમો, સહકારી મંડળીઓ કે સરકારશ્રીનો જેમાં હિસ્સો સમાયેલ હોય તેવા કોઈપણ મકાનો, ભવનો, કમ્પાઉન્ડ વોલ પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાત કે પ્રચાર-પ્રસાર કરી શકાશે નહી કે તેવી જમીનમાં બોર્ડ/હોર્ડીંગ્સ મૂકી શકાશે નહી પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના આ અંગેના નિયમો હોય તો તે નિયમોનું નિયમાનુસાર પાલન કરવાનું રહેશે અને આ બાબતે પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

(૨) જાહેર સ્થળોએ જાહેરાતો પ્રદર્શિત કરવા માટે ખાસ નક્કી કરાયેલ જગ્યા કે જે કોઈ એજન્સીને ભાડે અપાયેલ હોય તેવી જગ્યાએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને તે જગ્યાનો ચૂંટણી સબંધી જાહેરાત માટે સરખી તકો રહેશે.

(૩) કોઈપણ ઉમેદવારો અને તેઓના કાર્યકરોએ સબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોંડીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી, માત્ર હંગામી તથા સરળતાથી દૂર કરી શકાય કે હટાવી શકાય તેવા ધ્વજ, બેનર્સ વિગેરે ''ખાનગી મકાન કે મિલ્કત ઉપર સબંધીત માલિકની લેખિત પરવાનગીથી મૂકી શકાશે.''

(૪) ખાનગી મકાન કે મિલ્કત ઉપર કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકશે નહી. સબંધિત માલિક પરવાનગી આપે તો પણ કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહી.

(૫) ઉમેદવારોએ ખાનગી મકાન કે મિલ્કત ઉપર સબંધીત માલિકની પરવાનગીથી મુકેલ ધ્વજ, બેનર્સ વિગેરેની ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાને મોડામાં મોડા ૩ દિવસમાં જાણ કરવાની રહેશે.

(૬) ઉમેદવારોએ કાર્યકરોએ સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટીસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ, હાઈ-વે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસુચક સાઈનબોર્ડ, હાઈ-વે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે-બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટીસ બોર્ડ વિગેરે જાહેર અથવા ખાનગી મિલકતોનો બગાડ કરવાનો રહેશે નહી.

(૭) ખાનગી માલિકીની મિલકતો ઉપર સબંધિતોની પરવાનગી વગર માલ મિલકતનો બગાડ કરી શકાશે નહી.

(૮) ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૯) એક ઉમેદવારે બહાર પાડેલ/લગાડેલા ભિંતપત્રો બીજા ઉમેદવાર કે તેમના કાર્યકરોએ દુર કવા નહી.

(૧૦) ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ જાહેરાનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોના દુર ઉપયોગ પર પ્રતિબંધ બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૧/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહું આચારસંહીતામાં રાજકીય/બિનરાજકીય પક્ષો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

રાજકીય/બિન રાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજ્ય સરકારના સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ખરીદ-વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાનો જરા પણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનો ચૂંટણી પ્રચાર માટે બિલ્કુલ ઉપયોગ કરી શકાશે નહીં.

આ જાહેરાનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

વિષય : ચૂંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ મુકવા બાબત.

જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના. ૩/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉમેદવારોના ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા તથા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વગેરેના મુદ્રણમાં શાબ્દીક નિયંત્રણ માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવુ આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામુ છપાવવાની ખાસ આવશ્યકતા છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરું છું કે,

૧. કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

૨. કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હોર્ડીંગ, પ્લેકાર્ડ, પોષ્ટર, ચોપાનીયા, ભીતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

૩. છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પૂર્વગ્રહ ઉભો કરતા અથવા લીંગ, ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચરિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહી. અને વ્યકિતગત અસરકારક આક્ષેપો થઈ શકે તેવું લખાણ ન હોવું જોઈએ. આચારસંહિતાનો ભંગ થાય તેવું કોઈ લખાણ લખી શકશે નહી.

૪. આવુ સાહિત્ય છાપનારે તેની નકલ ચૂંટણી અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. કોઈપણ ચૂંટણીની બાબતો છાપવાનું હાથ પર લેતા પહેલા છાપનારે છપાવનાર પાસેથી નિયત કરેલ નમુના મુજબનું એકરારનામું મેળવવાનું રહેશે. એકરારનામામાં છપાવનારની સહી, બે અંગત રીતે ઓળખથા હોય તેવા સાક્ષીઓએ પ્રમાણિત કરવી. આ સુચનાની તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭(એ) મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર તથા ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સમાવિષ્ટ સાહિત્ય, મુદ્રક કે પ્રેસ છાપકામની કામગીરી કરતા તમામને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી, મેનેજરશ્રી, માલિકશ્રી,

..... પ્રિન્ટીંગ પ્રેસ,

મુ..... તાલુકો.....

જિ. ભાવનગર.

વિષય : ચૂંટણી અંગેનુ સાહિત્ય છાપવા બાબત.

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/ચૂંટણી સાહિત્ય/૨૦૨૫.-ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જે અનુસાર ચૂંટણી વખતે આપના મુદ્રણાલયમાં છાપેલા ચૂંટણી અંગેના કોઈપણ ચોપાનિયા કે, ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે દર્શાવવા ફરજીયાત છે.

મુદ્રિત સામગ્રીની ચાર નકલો, એટલે કે આપના દ્વારા મુદ્રિત કરવામાં આવેલ હોય તેવી દરેક મુદ્રિત સામગ્રીની ચાર નકલો સાથે તથા જરૂરિયાત મુજબ પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર સાથે છાપકામ કર્યાના ૩(ત્રણ) દિવસની અંદર આ કચેરીને મોકલી આપવા આ સાથે એકરારપત્ર નમુનો ''ક'' અને ''ખ'' સામેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગની જોગવાઈઓના કોઈપણ ઉલ્લંઘનને ખુબ ગંભીરતાથી જોવામાં આવશે. તેમજ યોગ્ય કેસોમાં રાજ્યના પ્રસ્તુત કાયદા અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે. જેની નોંધ લેશો.

ડો. મનીષ કુમાર બંસલ, IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

જાહેરનામુ

નં. ડી.એમ./જાહેરનામું/વશી/૧૪૬૯/૨૦૨૫.-ગોમા સિંચાઈ યોજનાની ઉપરવાસમાં આવેલ સરવા ગામની સીમ વીસ્તારમાં સરવા થી મોટી વીરવા ને જોડતો માર્ગ આવેલ છે. ગોમા સિંચાઈ યોજનાના ટીબીસી વિસ્તારમાં સરવા ગામથી મોટી વીરવા ગામને જોડતા માર્ગમાં ૧૦ સ્પાન ધરાવતો બ્રીજ આવેલ છે. બ્રિજની આશરે ૭૦ મી. લંબાઈ છે. સદર માર્ગમા ગોમા ડેમના ટીબીસી (પુર્ણ સપાટીને ડુબાણ વિસ્તાર) આવેલ બ્રિજ ઉપર થતો વાહન વ્યવહાર જોખમી જણાય છે. જેથી સદર બ્રિજને વ્યવસ્થાના ભાગરૂપે તેમજ લોક સલામતીને ધ્યાને લઈ તાત્કાલીક અસરથી ભારે વાહનો માટે બંધ કરવા તેમજ અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, બોટાદ ના તા. ૧૮-૦૭-૨૦૫ ના પત્ર નં. પીબી/૧/ગોમા/બ્રીજ/૬૦૩ થી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ ઉકત બ્રિજને ભારે વાહનો માટે તાત્કાલીક બંધ કરવા તેમજ આ બ્રિજ પર ચાલતા ભારે વાહનોને અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવ આવશ્યક જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું ડૉ. જીન્સી રોય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ગોમા સિંચાઈ યોજનાના ટીબીસી વિસ્તારમાં સરવા ગામથી મોટી વીરવા ગામને જોડતા માર્ગમાં ૧૦ સ્પાન ધરાવતા બ્રિજને જાહેર હિતાર્થ તાત્કાલિક અસરથી ભારે/મોટા વાહનો માટે બંધ કરવા તેમજ આ બ્રિજ પરથી પસાર થતાં મોટા/ભારે વાહનો પરનો ટ્રાફિક ડાયવર્ટ કરવા અર્થે નીચે જણાવ્યા મુજબ વૈકલ્પિક રસ્તાઓ ઉપયોગમાં લેવા ફરમાવું છું.

વૈકલ્પિક રૂટ :

(૧) મોટી વિરવા થી વિંછીયા જવા માટે-મોટી વિરવા થી વાંગધ્રા (વિલેજ રોડ ડામર પટી પહોળાઈ ૩.૭૫ મી.) થઈને વિંછીયા તરફ (લંબાઈ ૧૨.૭૦ કીમી)

(૨) મોટી વિરવા થી નાના પાળીયાદ-કુંભારા-સરવા (વિલેજ રોડ-ડામર પટ્ટી ૩.૭૫ મી. ડાયવર્ઝન લંબાઈ ૧૪.૨૦ કીમી) સરવા મથક સુધી.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી બ્રિજનું પુનઃનિર્માણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

જેથી ઉકત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ તથા હાઈટ બેરીયર મુકવા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, બોટાદએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉકત બ્રિજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''.

કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, બોટાદએ ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૮-૦૭-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ડૉ. જીન્સી રોય
જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૭/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૯-૦૭-૨૦૨૫ થી તા. ૧૨-૦૮-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૮-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા/૧૦/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ દરમ્યાન માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્તરની પૂરક પરીક્ષા યોજવામાં આવનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો : જામનગર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ આ સાથે પરિશિષ્ટ-'ક' મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસ તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૬-૨૦૨૫ તા. ૨૮-૦૬-૨૦૨૫ તથા તા. ૩૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૧૮-૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનીક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈમસો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૦ માહે જૂન-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

આ કચેરીના તા. ૨૦-૦૬-૨૦૨૫ ના
જાહેરનામા નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા/૧૦/૨૦૨૫ નું

પરિશિષ્ટ-'ક'

ક્રમ નંબર	શાળાનું નામ	સરનામું
૧	શ્રી ડી. એસ. ગોજીયા વિદ્યાલય, જામનગર	આહીર બોર્ડીંગ, અંબર ટોકીઝ સામેની શેરીમાં, પંડિત નેહરુ માર્ગ, જામનગર
૨	શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, જામનગર	જનતા ફાટકની બાજુમાં, જામનગર
૩	શ્રી આર. આર. શાહ હાઈસ્કુલ, જામનગર	મારૂ કંસારા વાડી સામે, રણજીત સાગર રોડ, જામનગર
૪	શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર	હિરજી મિસ્ત્રી રોડ, રણજીત સાગર રોડ, જામનગર
૫	શ્રી એ. બી. વિરાણી કન્યા વિદ્યાલય, જામનગર	રણજીત નગર, લેઉવા પટેલ સેવા સમાજ, જામનગર
૬	શ્રી નેશનલ હાઈસ્કુલ, જામનગર	ખંભાળીયા ગેઈટ બહાર, જામનગર
૭	શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય, જામનગર	ખંભાળીયા ગેઈટ પાસે, આર્ય સમાજ રોડ, જામનગર
૮	શ્રીમતી જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર	વિકાસ ગૃહ રોડ, પટેલ કોલોની, જામનગર
૯	શારદા મંદિર સ્કુલ, જામનગર	લીમડા લાઈન, જામનગર
૧૦	ભવન્સશ્રી એ. કે. દોશી વિદ્યાલય, જામનગર	પટેલ કોલોની, મહિલા કોલેજ કેમ્પસ, જામનગર
૧૧	શ્રી બ્રીલીયન્ટ હાઈસ્કુલ, જામનગર	૨-રાજપૂતપરા, લીમડા લાઈન, જામનગર
૧૨	શ્રી એલ. જી. હરિયા હાઈસ્કુલ, જામનગર	રણજીતનગર, જનતા ફાટક પાસે, જામનગર

જામનગર, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા-૧૧/૨૦૨૫.-આગામી તા. ૨૫-૦૬-૨૦૨૫ થી તા. ૨૯-૦૬-૨૦૨૫ દરમ્યાન નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા UGC-NET June-2025 ની પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે.

આ પરીક્ષા આયોજન માટે જામનગર શહેરમાં નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રની આસપાસ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, ઈલેકટ્રોનિક વોચ, અન્ય અનધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા ડાયરેકટરશ્રી, નેશનલ ટેસ્ટીંગ એજન્સી, ન્યુ દિલ્હીના તા. ૨૧-૦૬-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : D.O.NO.NTA/UGC JUNE/2025 થી દરખાસ્ત મળેલ છે. જે મને વ્યાજબી જણાય છે.

તેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલ શ્રી જયસુખલાલ વાઢેર ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડી, ઠે. શ્રી બી. કે. શાહ એજ્યુકેશન કોમ્પલેક્ષ, ગોકુલનગર પાસે, ઈન્દિરા ગાંધી માર્ગ, જામનગરના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તા. ૨૫-૦૬-૨૦૨૫ થી તા. ૨૯-૦૬-૨૦૨૫ ના રોજ સવારના ૦૮-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ કે અન્ય અનધિકૃત સાહિત્ય વિગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈમસો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૪ માહે જૂન-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૨૪ માહે જૂન, સને ૨૦૨૫.

ભાવેશ એન. ખેર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨) ની
કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૯૫૯૯૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/૨૯૪૧/૨૦૨૫, તા. ૦૭-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, આથી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૧-૦૬-૨૦૨૫ થી

તા. ૨૪-૦૬-૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આજ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩(૧)બી હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/ફાયરીંગ/ઈ-૪૧૮૦૪૩/૨૦૨૫.-પોલીસ મહાનિરીક્ષક અને આચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિધાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩એ/ફાયરીંગ/૧૧૧૨/૨૦૨૫, તા. ૨૧-૦૪-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તા. ૨૨-૦૬-૨૦૨૫ થી તા. ૨૪-૦૭-૨૦૨૫ સુધી તેઓની સંસ્થા ખાતે આવેલ ફાયરીંગ બટ પર ફાયરીંગ પ્રેકટીસ યોજાનાર હોઈ, આ પ્રેકટીસ દરમ્યાન ફાયરીંગનાં સ્થળની આજુબાજુનાં વિસ્તારમાં લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતી હોઈ જાહેર સલામતીનાં હેતુસર, હું કે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફાયરીંગ બટ ના આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોની પ્રવેશ બંધી ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૨૨-૦૬-૨૦૨૫ થી તા. ૨૪-૦૭-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી સવારનાં ૦૬-૦૦ બપોરના ૧૯-૦૦ કલાક સુધી (દૈનિક ધોરણે) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૫ માહે જુન, સને ૨૦૨૫.

કે. બી. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/મ.ચા.વે./જાહેરનામું/૧૦૬(૧)/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./નાગરિકતા/૯૩૬/૨૦૨૫, તા. ૦૮-૦૬-૨૦૨૫ પત્રથી અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઈ/ચોકકસાઈ કરવા અત્રેએથી તા. ૧૪-૦૫-૨૦૨૫ થી જાહેરનામું બહાર પાડેલ તે જાહેરનામાની મુદત તા. ૧૨-૦૬-૨૦૨૫ ના રોજ પુર્ણ થતી હોય નવું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગુજરાત રાજ્યમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસમાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

પોરબંદર જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરી કામ કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિયો શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંસ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઈ/ચોકસાઈ કરાવવા આથી હુકમ કરૂ છું.

સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૧૪-૦૬-૨૦૨૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લઘંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ

આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૨-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૧૨ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું

નં. એમએજી/વશી/E-157-2/૨૦૨૫.-નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય માર્ગ પેટા વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : રાધો/પીબી/૩૩૧/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫ ના પત્રથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, આલેખન વર્તુળ, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૯૨૭(કે) રાણાવાવ-ભાણવડ-ખંભાળીયા રોડ (કુલ કિમી ૬૪.૯) પરના મેજર/માઈનોર બ્રીજોના પ્રાથમિક નિરીક્ષણ કરવા માટે આવેલ જે અન્વયે બિલેશ્વર થી મોડરપ વચ્ચે આવેલ ૧(એક) બીલેશ્વર મેજર સીડી નં. ૧૪/૩ તથા તરસાઈના પાટીયા તેમજ મોડપર પાસે આવેલ ૨(બે) માઈનોર બ્રીજ અનક્રમે સીડી નં. ૧૮/૪ અને ૨૨/૧ "Poor" સ્થિતીમાં જણાઈ આવેલ હોય ભારે વાહનનો માટે પ્રતિબંધ મૂકવા સૂચના થઈ આવેલ. જેથી રોડ સેફટીની દ્રષ્ટ્રિએ આ બ્રીજોને મરામતની કામગીરી કર્યા બાદ સુચારૂ રૂપે ભારે વાહન-વ્યવહાર માટે ફરીથી ચાલુ થઈ શકે તે હેતુસર રાષ્ટ્રીય ધોરી માર્ગ ૯૨૭(કે) રાણાવાવ-ભાણવડ-ખંભાળીયા રોડ પર બિલશ્વથી મોડપર વચ્ચે એમ્બ્યુલન્સ, કાર અને દ્વીચકી વાહનો સિવાયના ભારે વાહનોની અવરજવર તાત્કાલિક ધોરણે સંપુર્ણપણે ૩(ત્રણ) માસ માટે પ્રતિબંધ કરવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસે અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૧૧૫૬/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપરથી એમ્બ્યુલન્સ, કાર અને દ્વીચકી વાહનો સિવાયના ભારે/મધ્યમ વાહનોની અવર-જવર કરવા જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ રાણાવાવ તાલુકાના બિલશ્વર ગામ પાસે આવેલ મેજર બ્રીજ સીડી નં. ૧૪/૩ તથા તરસાઈના પાટીયા પાસે આવેલ સીડી નં. ૧૮/૪ બ્રીજ ખરાબ પરિસ્થિતીમાં હોવાથી આ માઈનોર બ્રીજ ઉપર એમ્બ્યુલન્સ, કાર અને દ્વિચકી વાહનો સિવાયના ભારે/મધ્યમ વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનો અવર જવર કરવાના રહેશે.

(૧) પોરબંદર થી ખંભાળીયા આવતા જતાં ભારે વાહનો માટે :

- પોરબંદર બાયપાસ (સોમનાથ-દ્વારકા રોડ) અડવાણા-ખંભાળીયા (કુલ કિ.મી. ૬૬) રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) પોરબંદર થી ભાણવડ જતાં ભારે વાહનો માટે :

- પોરબંદર બાયપાસ (સોમનાથ-દ્વારકા રોડ) બખરલા-નાગકા-ભાણવડ (કુલ કિ.મી. ૩૬) રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

➢ **શરતો :**

- વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી.
- ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો.
- માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી.
- કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ.
- ટ્રાફિક ડાયવર્ઝન ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ વાહન ચાલકોને દિવસ તથા રાત્રીના સમયે સ્પષ્ટ દેખાય તે રીતે લગાવવાના રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું તા. ૧૬-૦૭-૨૦૨૫ થી તા. ૧૫-૧૦-૨૦૨૫ સુધી (બંને દિવસ સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૬-૦૭-૨૦૨૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું

નં. એમએજી/વશી/E-157-1/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : જિ.પં./બાંધ/૧૨૩૦/૨૦૨૫, તા. ૧૩-૦૭-૨૦૨૫ ના પત્રથી આલેખન મા. અને મ. વર્તુળ ગાંધીનગરના દફ્તરે આદેશથી નિમાયેલ શ્રી જે. પી. પટેલ સાહેબશ્રીની સ્થળ મુલાકાત બાદ હાલમાં જ સરકારશ્રી તથા અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત મ. અને મ. વર્તુળ, રાજકોટ તરફથી મળેલ મૌખિક સૂચના અન્વયે કુતિયાણા ખાગેશ્રી વાયા કાનાકુંવા રોડ પર ચેનેજ ૧/૬૫૦ આવેલ માઈનોર બ્રીજની રીપેરીંગની કામગીરી ચાલુ હોવાથી કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી ભારે વાહન વ્યવહારની અવર જવર પર પ્રતિબંધ મૂકવા સૂચના થઈ આવેલ. જેથી કુતિયાણા ખાગેશ્રી વાયા કાનાકુંવા રોડ પર ચેનેજ ૧/૬૫૦ આવેલ માઈનોર બ્રીજની રીપેરીંગની કામગીરી ચાલુ હોવાથી કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી ભારે વાહન વ્યવહારની અવર જવર પર પ્રતિબંધ મૂકવાની જરૂરીયાત હોવાથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસે અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૧૧૪૭/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનોની અવર-જવર કરવા જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, હું એન. બી.રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ કુતિયાણા તાલુકાના

ખાગેશ્રી ગામ ગામ વાયા કાનાકુવા રોડ પર ચેનેજ ૧/૬૫૦ આવેલ માઈનોર બ્રીજની રીપેરીંગની કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી ભારે/મધ્યમ વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનો અવર જવર કરવાના રહેશે.

(૧) મહોબતપરા પાટીયા (વચ્છરાજ હોટલ) થી મહોબતપરા ગામ, ખાગેશ્રી રોડ તથા કાનાકુંવા રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

➢ **શરતો :**

- વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી.
- ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો.
- માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી.
- કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ.
- ટ્રાફિક ડાયવર્ઝન ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ વાહન ચાલકોને દિવસ તથા રાત્રીના સમયે સ્પષ્ટ દેખાય તે રીતે લગાવવાના રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૫-૦૭-૨૦૨૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/વશી/E-157-2/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : જિ.પં./બાંધ/૧૨૩૧/૨૦૨૫, તા. ૧૩-૦૭-૨૦૨૫ ના પત્રથી આલેખન મા. અને મ. વર્તુળ ગાંધીનગરના દફતરે આદેશથી નિમાયેલ શ્રી જે. પી. પટેલ સાહેબશ્રીની સ્થળ મુલાકાત બાદ હાલમાં જ સરકારશ્રી તથા અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત મ. અને મ. વર્તુળ, રાજકોટ તરફથી મળેલ મૌખિક સૂચના અન્વયે આદિત્યાણા ખારીખપ્પર રોડ પર ચેનેજ ૦/૪૦૦ આવેલ માઈનોર બ્રીજ ખરાબ પરિસ્થિતીમાં હોય જેથી હાલ આ માઈનોર બ્રીજ પર ભારે વાહન વ્યવહાર આવવા-જવા પર પ્રતિબંધ મૂકવા સૂચના થઈ આવેલ. જેથી આદિત્યાણા ખારીખપ્પર રોડ પર ચેનેજ ૦/૪૦૦ આવેલ માઈનોર બ્રીજ પરથી ભારે વાહનોના અવર જવર પર પ્રતિબંધ મૂકવાની જરૂરીયાત હોવાથી આ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસે અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૧૧૪૮/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનોની અવર-જવર કરવા જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, હું એન. બી.રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ રાણાવાવ તાલુકાના આદિત્યાણા ગામના ખારીખપ્પર રોડ પર ચેનેજ ૦/૪૦૦ આવેલ માઈનોર બ્રીજ ખરાબ પરિસ્થિતીમાં હોવાથી આ માઈનોર બ્રીજની રીપેરીંગની કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી ભારે/મધ્યમ વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનો અવર જવર કરવાના રહેશે.

(૧) આદિત્યાણાથી વિંજરકા રોડ, ડંકીવાસ થઈ ખારીખપ્પર રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

➢ **શરતો :**

- વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી.
- ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો.
- માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી.
- કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ.
- ટ્રાફિક ડાયવર્ઝન ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ વાહન ચાલકોને દિવસ તથા રાત્રીના સમયે સ્પષ્ટ દેખાય તે રીતે લગાવવાના રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૫-૦૭-૨૦૨૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એન. બી. રાજપુત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

પોલીસ કમિશ્નર દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એમ), ૩૩(એન), ૩૭(૪), ૪૦(૧) મુજબ કાઢેલ હુકમ

ગણેશ વિસર્જન અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/જાહેરનામું પ્રસિધ્ધી/૩૩૫૧/૨૦૨૫.-ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ-૨૦૨૫ નિમીતે રાજકોટ શહેરમાં શહેરમાં જુદા જુદા મહારાષ્ટ્રીયન મંડળો તથા જુદા જુદા ધાર્મીક સંગઠનો તરફથી જુદા જુદા લતાઓમાં તેમજ મહોલ્લાઓમાં અને લોકો પોતાના ઘરમાં, દુકાનોમાં અને સંસ્થાઓમાં પણ ભગવાનશ્રી ગણેશજીની મુર્તીઓની સ્થાપના તા. ૨૭-૦૮-૨૦૨૫ ના રોજ થનાર છે. અને આ સ્થાપના કરેલ ગણપતિજીની મુર્તીઓને અમુક ભાવીકો ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમાં દિવસે, તેમજ ખાસ કરીને અગિયારમાં દિવસે એટલે

કે, તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મુર્તીઓનું પુજન, અર્ચન બાદ મુર્તીઓને પાણીમાં વિસર્જન કરવામાં આવનાર છે અને ગણેશજીની મુર્તી વિસર્જન કરવા જતી વખતે રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ધાર્મીક સરઘસો કાઢવામાં આવનાર છે.

જેને અનુલક્ષીને રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગણેશ મહોત્સવ નિમીતે મુર્તિ વિસર્જન દરમ્યાન વાહન ચાલકો તેમજ રાહદારીઓ તેમજ મહોલ્લામાં રહેતા રહીશોને કોઈ પણ રીતે ત્રાસ કે તકલીફ ન થાય અને પર્યાવરણની જાળવણી થાય, જળ સ્ત્રોતોમાં પ્રદુષણ અટકે અને જળ સૃષ્ટિ પર કોઈ વિપરીત અસર ન થાય તથા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મને મળેલ સત્તાની રૂએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એમ), ૩૩(એન), ૩૭(૪), ૪૦(૧) મુજબ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. દરજ્જાથી ઉપરના હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરિયાદ કરવા માટે અધિકૃત કરું છું અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: ગણપતિજીની મુર્તિ વિસર્જન કરવાની જગ્યાઓ :

ગણેશ મુર્તિ વિસર્જન માટે ચીફ ફાયર ઓફીસર, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ સ્થળો ગણપતિજીની મુર્તી વિસર્જીત કરવા માટે સુનિશ્ચિત કરવામાં આવેલ છે. જેથી આ સ્થળોએ જ ગણેશજીની મુર્તિ વિસર્જન કરવાની રહેશે.

(૧) આજી ડેમ ઓવર ફલો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૧

(૨) આજી ડેમ ઓવર ફલો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૨

(૩) આજી ડેમ ઓવર ફલો ચેક ડેમ

(૪) પાળ ગામ, જખરાપીરની દરગાહ પાસે, મવડી ગામથી આગળ

(૫) ન્યારાના પાટીયા પાસે ન્યારા રોડ, ખાણમાં જામનગર રોડ

(૬) બાલાજી વેફર્સની સામે, વાગુદળ પાટીયા પછીના પુલ નીચે કાલાવડ રોડ

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) આગામી તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૦૭-૦૯-૨૦૨૫ દરમ્યાન સક્ષમ સત્તાધિકારીની પુર્વ મંજુરી વગર ગણેશ વિસર્જનના ધાર્મિક સરઘસ કાઢવા ઉપર.

(૨) કોઈપણ આયોજક/વ્યકિત ઉપર જણાવેલ સ્થળો સિવાય પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે, ડેમ, તળાવ, નદી, કુવામાં કે અન્ય કોઈ સ્થળોએ ગણેશજીની મુર્તિ વિસર્જન કરવા ઉપર પ્રતિબંધ.

(૩) મુર્તિને સુશોભિત કરેલ હોય જેમ કે હાર, ફુલ, વસ્ત્રો તેમજ અન્ય કોઈ સુશોભિત વસ્તુઓને કાઢી લેવાની રહેશે બાદમાં મુર્તિને વિસર્જન કરવાની રહેશે.

(૪) મુર્તિ વિસર્જનવાળી જગ્યા તળાવો, ખાણ તથા નદીમાં સિન્થેટીક લાઈનર (પાથરવાનું કપડું) ગોઠવવાનું રહેશે.

(૫) મુર્તિ વિસર્જનવાળી જગ્યા તળાવો, ખાણ તથા નદીમાં સિન્થેટીક લાઈનર રાખવામાં આવેલ હોય તેને મુર્તિ વિસર્જન બાદ ૪૮ કલાક પહેલા વિસર્જીત થયેલ મુર્તિ સાથે બહાર કાઢી લેવાનું રહેશે અને તળાવો, ખાણ નદીમાં લાઈમ (ફટકડી) નાખી ચોખ્ખાઈ જળવાઈ તે અંગે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) શ્રી ગણેશજીની મૂર્તિના વિસર્જનના યાત્રા દરમ્યાન જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/મિલ્કત ઉપર કે ત્યાં હાજર રહેલા માણસો ઉપર કોઈ પણ પ્રકારના રંગો કે પાઉડર ને છૂટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી ઉડાવવા/છાંટવા કે ફેંકવા ઉપર.

(૭) અત્રેની કચેરી થી બહાર પાડવામાં આવેલ ધ્વનિ પ્રદુષણ અંગેનું જાહેરનામા નં. એસબી/જાહેરનામુ/૩૭૨૭/૨૦૨૪ તા. ૨૯-૦૮-૨૦૨૪ ના જાહેરનામામાં દર્શાવ્યા મુજબ ગણેશ સ્થાપના સ્થળે તેમજ વિસર્જન દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ સીસ્ટમનો ઉપયોગ કરવાનો રહેશે.

(૮) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ સ્થપના સ્થળો ખાતે મંડપો એક દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા ઉપર.

(૯) મુર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઈ જવા ઉપર.

(૧૦) ગણેશ મહોત્સવ દરમ્યાન/ગણેશ વિસર્જન દરમ્યાન બિભસ્ત ફિલ્મી ગીતો કે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત કે ભાષણો કે પ્રવચોન વગાડવા ઉપર તથા ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર કરવા ઉપર.

(૧૧) કોઈ પણ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા ડેકોરેશન કરવા ઉપર.

(૧૨) જાહેરમાર્ગ ઉપર સામાન્ય ટ્રાફિકને અડચણ કરવા ઉપર.

: આ હુકમના કૃત્ય નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) સ્થાનિક વહીવટીતંત્ર પાસેની સરઘસ યોજવા અંગેની જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાઓને, (૨) સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ, હોમગાર્ડ કે ગ્રામ રક્ષક દળના સભ્યો, (૩) અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને (૪) સ્મશાન યાત્રા (૫) લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

: પ્રતિબંધિત સમય અને વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં

તા. ૨૭-૦૮-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૭-૦૯-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ : ૨૬-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૧૭/૨૦૨૫.-શ્રી રોહિસા મહિલા કલસ્ટર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રોહિસા, તા. જાફરાબાદ, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501179 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501179.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૨૨/૨૦૨૫.-શ્રી સહયોગ કલસ્ટર વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી. મુ. ભેરાઈ, તા. રાજુલા, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501181 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501181.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૨૭/૨૦૨૫.-શ્રી કલ્યાણી મહિલા કલસ્ટર વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી. મુ. અમરાપરા, તા. બાબરા, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501182 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501182.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૩૨/૨૦૨૫.-શ્રી જુના માલેકનેસ કલસ્ટર મહિલા સ્વ સહાય જૂથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. જ ના માલેકનેસ, તા. ખાંભા, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501183 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501183.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૩૭/૨૦૨૫.-શ્રી સમર્થ કલસ્ટર મહિલા સ્વ સહાય જૂથ વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી. મુ. લુણીધાર, તા. કુંકાવાવ, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501184 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501184.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૨૪૨/૨૦૨૫.-શ્રી સલડી કલસ્ટર મહિલા સ્વા સહાય જૂથ વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સલડી, તા. લીલીયા, જિ. અમરેલીની નોંધણી Reg. No. : CSAMRSEM202501185 Dt. 04-08-2025 થી સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEM202501185.

અમરેલી, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૩૫૯/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જલાલપર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જલાલપર, તા. વલ્લભીપુર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. REG/BAV/SE(MILK)/41891/2025.

ભાવનગર, ૨૬ માહે મે, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૩૩૩/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જુના જાળીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જુના જાળિયા, તા. સિહોર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEMILK202500585

ભાવનગર, ૨૦ માહે મે, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૩૪૧/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ગઢડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગઢડા, તા. મહુવા, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEMILK202500584

ભાવનગર, ૨૦ માહે મે, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૩૪૯/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ખરેડ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખરેડ, તા. મહુવા, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEMILK202500586

ભાવનગર, ૨૦ માહે મે, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ખ-૩/૩૮૫/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી હનુમંત કલસ્ટર વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી., મું. માનગઢ, તા. ગારીયાધાર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEM202500714

ભાવનગર, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

એ. ડી. દેસાઇ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0259/08/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જય રામનાથ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૫ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0177/08/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી પ્રેમ-મણી પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : દેવચડી, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0179/08/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી આશાપુરા ટ્રાન્સપોર્ટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૭૩ થી ૨૯૩/૨૦૨૫, તારીખ ૨૦-૦૫-૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૮૦થી ૬૦૫/૨૦૨૫.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી કમરકોટડા સેવા સહકારી મંડળી લી., મું. કમરકોટડા, તા. ગોંડલ, જિ. રાજકોટ, નોંધણી નંબર : સે-૪૦૩૫૪ તારીખ : ૨૪-૧૦-૨૦૧૧ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના શ્રી આર. વી. ઉપાધ્યાય, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, રાજકોટ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમ ર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૯૪ થી ૩૦૯/૨૦૨૫, તારીખ ૨૦-૦૫-૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૦૬ થી ૬૨૫/૨૦૨૫.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી આનંદ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટીવ સ્ટોર્સ લી., મું. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ, નોંધણી નંબર-૩૩૫૬, તારીખ : ૦૨-૧૦-૧૯૮૮ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના શ્રી એ. એસ. ફુલાણી, હેડ કલાર્ક લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ડૉ. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ચ/૩૦૦/૧૩૦૮/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી કૃષ્ણ કન્ઝુમર્સ કો-ઓપ. સોસાયટી લિ. મુ. દહિસરા નાના, તા. માળીયા (મિયાણા), જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORBHVI202501160, DATE 02-08-2025 છે.

મોરબી, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

બી. એન. પટેલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
મોરબી.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.09.18 13:39:10 IST